નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંચાલીત સંસ્થા/કચેરીઓનાં રીપેરીંગ કરવા માટે રૂ.૨,૯૨,૭૪,૭૦૪/-ની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૨૨૦૨૧/૩૨૪૧/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨૨/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૪/૧૨/૨૦૨૧ના પત્ર ક્રમાંક: સસુખા/ચજન/બકમ/૨૧-૨૨/૨૭૩.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૨/૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક: સસુખા/બકમ/૨૧-૨૨/૩૦૧

પ્રસ્તાવના:-

નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંચાલીત સંસ્થા/કચેરીઓનાં સુધારા વધારા તેમજ મરામત કરાવવી જરૂરી છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંચાલીત સંસ્થા/કચેરીઓનાં રીપેરીંગ કરવા માટે રૂ.૨,૯૨,૭૪,૭૦૪/- લાખની જોગવાઇ કરવા નિયામકશ્રી(સ.સુ)એ વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા. ૧૪/૧૨/૨૦૨૧ના પત્રથી નવી બાબત ૨૦૨૨-૨૩ રજુ કરેલ હતી.

સદરહુ નવી બાબત ૨૦૨૨-૨૩ અન્વયે અંદાજપત્રમાં જોગવાઇ થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૨૨/૦૩/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંચાલીત સંસ્થા/કચેરીઓનાં રીપેરીંગ કરવા માટે રૂ.૨,૯૨,૭૪,૭૦૪/- લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજુરી આપવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરની તા.૨૨/૦૩/૨૦૨૨ના પત્ર નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંચાલીત સંસ્થા/કચેરીઓનાં રીપેરીંગ કરવા માટે રૂ.૨,૯૨,૭૪,૭૦૪/- લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજુરી નીચે જણાવેલ શરતોને અધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી,પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બૉર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા આગામી નાણાંકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) ઉક્ત નવી બાબતની વહિવટી મંજુરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૨૦ના ઠરાવ ક્ર.ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ સુચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૫) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.

માંગણી નંબર-૮૪,

સેકટર-ખ - સામાજિક સમુહ સેવાઓના મુડી હિસાબ

સબ સેકટર - (છ) સમાજ કલ્યાણ અને પોષણ

મુખ્ય સદર - ૪૨૩૫ સામાજિક અને કલ્યાણ અંગે મુડી ખર્ચ.

મુખ્ય પેટા સદર- ૨૦૧- પુન:સ્થાપન,

ગૌણ સદર - ૪૨- મકાનો,

પેટા સદર - મકાન (માર્ગ અને મકાન) ૫૩૦૦- મોટા કામ

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૨/૦૪/૨૦૨૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિરેન શુક્લ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી નાણા વિભાગ (ખર્ચ), સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉજીવરાજ મહેતા ભવન., ગાંધીનગર .
- સર્વે કલેકટરશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- સર્વે મામલતદારશ્રીઓ ,નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- નાણાકીય સલાહકારશ્રી,નાણા વિભાગ (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ

- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે.
- છ૧/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છશાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવા -ની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ